**આરોપીને વિવિધ આઈપીસીની કલમો હેઠળ તકસીરવાર ઠેરવીને રૂ.30 હજારનો દંડ પણ ફટકાર્યો**

## સાવલીના વસનપુરા ગામે હત્યાના પ્રકરણમાં સજા પામેલા આરોપીને આજીવન કેદ

**આડા** સંબંધનો વહેમ રાખીને બે યુવકો પર કાર ચઢાવીને ગંભીર ઈજાઓ પહોંચાડીને ચાકુ વડે હુમલો કર્યો હતો



(પ્રતિનિધી) સાવલી, તા.5

સાવલી અધિક સેશન કોર્ટ દ્વારા સાવલી પોલીસ મથકે નોંધાયેલ હત્યાના ગુનાના આરોપીને આજીવન કેદની સજા અને 30 હજારનો દંડ સાવલી કોર્ટે ફટકારતા ચકચાર મચી જવા પામી છે.

કોર્ટ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સન 2021 ની સાલમાં આરોપી અજય હરમાન ભાઈ ઠાકરડા રહે વસનપુરા સાવલીએ પોતાની પત્ની સાથે આડા સંબંધનો વહેમ રાખીને બે યુવકો પર કાર ચઢાવી ને ગંભીર ઈજાઓ પહોંચાડીને ચાકુ વડે હુમલાનો પ્રયાસ કર્યો હતો.


કાર ચઢાવીને હત્યા કરી હતી પોતાના જ ગામના અશોકભાઈ ઠાકરડા સાથે પ્રેમ સંબંધનો વહેમ રાખીને બનાવના દિવસે સવારમાં અશોકભાઈ ઠાકરડા તથા તેના મિત્ર રાજુભાઈ કાંતિ ભાઈ ઠાકરડા વહેલી સવારે બાજુના ગામમાં દૂધ ભરવા માટે બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે પોતાની પત્ની સાથે આડા સંબંધનો વહેમ રાખીને બાઈક લઈ ને જતો હતો ત્યારે વસનપુરા રોડ પર મારુતિ ચઢાવીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને બંને બાઈક સવારોને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી જેમાં મૃતક રાજુભાઈ ઠાકરડા અને તેનો મિત્ર અશોકભાઈ ઠાકરડાને ગંભીર ઈજાઓ પહોંચી હતી જેમાં રાજુભાઈ ઠાકરડા સારવાર બાદ ઘરે આવી ગયા હતા અને થોડા દિવસો બાદ રાજુભાઈ ઠાકરડાનું મૃત્યુ પામતા સાવલી પોલીસ મથકે હત્યાનો ગુનો દાખલ થયો હતો જેનો કેસ સાવલીની અધિક સેશન કોર્ટ માં ચાલી જતા નામદાર કોર્ટે સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખીને આરોપી અશોકને 20 વર્ષની સજા અને વિવિધ આઈ પી સી ની કલમો હેઠળ તકસીરવાર ઠેરવીને કુલ 30 હજાર નો દંડ ફટકારતા ચકચાર મચી જવા પામી છે સજાના પગલે આરોપીના પરિવાર જનોમાં સન્નાટો છવાઈ ગયો હતો અને ભારે આક્રંદ કરતા પરિવારજનો જોવા મળી રહ્યા હતા.

**છાશવારે ક્યાંક છત થી તો ક્યાંક દિવાલો થી પણ પોપડા ખરી રહ્યા છે**

## ફરતીકુઈ ગામની ગ્રામ પંચાયતની છતના પોપડા ખરતા જોખમી

**તલાટી** સહિત ગામ લોકોને જીવનું જોખમ

**ગ્રામ** પંચાયતનું નવું મકાન બનાવવા માટે માંગ



(પ્રતિનિધી) ડભોઈ, તા.5

ડભોઈ તાલુકાના ફરતી કુઈ ગામે આવેલ વર્ષો જૂની ગ્રામ પંચાયત જુની અને જર્જરીત થતા જોખમી બની ગઈ છે.છાશવારે ક્યાંક છત થી તો ક્યાંક દિવાલો થી પોપડા ખરી રહ્યા છે.જર્જરીત છતમાંથી સળિયા ડોકાઈ રહ્યા છે. જેને કારણે તલાટી સહિત ગામ લોકોને જીવનું જોખમ લાગી રહ્યું છે. ત્યારે ગ્રામ પંચાયતનું નવું મકાન બને તે માટેની માંગ થવા પામી છે.

ફરતીકુઈ ના લોકો ના જણાવ્યા મુજબ ગ્રામ પંચાયત ના મકાન ને વર્ષો ના વહાણાં વીતી ગયા છે.ચોમાસા માં પાણી ટપકવાથી માંડી ને છાશવારે પોપડા ખરી રહ્યા છે.ગમે ત્યારે જીવલેણ હોનારત સર્જાવાની દહેશત ઉભી થવા પામી છે.ત્યારે ગામ ના અગ્રણી રમણીકભાઈ મકવાણા એ જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરા ને મૌખિક રજુઆત પણ કરી છે.જે બાબતે જિલ્લા વિકાસ અધિકારી એ નોંધ લઈ ઘટતુ કરવા બાંહેધરી પણ આપી હોવાનું કહેવાય રહ્યું છે.જર્જરીત પંચાયત ની જગ્યા એ ફર્નિચર,વાઈફાઈ સુવિધાઓ સાથે નું આધુનિક ગ્રામ પંચાયત નું મકાન બને તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

હાલ ની રાજ્ય અને કેન્દ્ર ની ભાજપ સરકાર સંસદ થી પંચાયત સુધી સુદ્રઢ,સરળ અને સુવિધાયુક્ત વહીવટ માટે સુસજ્જ છે.સ્થાનિક સ્વરાજ્ય ગણાતી ગ્રામ પંચાયત ગામડાના લોકો માટે એક પ્રકારે સચિવાલય ગણાય છે.ગામ લોકો ને જન્મ,મરણ દાખલા થી માંડી આયુષ્યમાન કાર્ડ,જમીન ના ઉતારા,વિધવા પેન્શન , લગ્ન નોંધણી સુધી ના દાખલ ઘર આંગણે મળી રહે,સમય અને નાણાં નો વેડફાટ ના થાય તે માટે સરકારે સુવિધાઓ ઉભી કરેલ છે.ગ્રામ પંચાયત ગામ ના વિકાસ નું નક્કર આયોજન કરતી હોય તેમજ સરકારી યોજનાઓ જુદીજુદી લોકોપયોગી સહાય માટે ગ્રામ પંચાયત આશીર્વાદરૂપ છે.ત્યારે પંચાયતી રાજ ની હિમાયત કરતી સરકાર અસંખ્ય ગામડાઓ ના વિકાસ માટે ગ્રાન્ટ ની ફાળવણી કરી ગામડાઓની શાળાઓ,રોડ રસ્તા,તળાવ, સંરક્ષણ દિવાલ સહિત મનરેગા હેઠળ રોજગાર પૂરો પાડી રહી છે.રહેવા માટે આવાસ યોજનાઓ હેઠળ મકાન બનાવવા ના કામો અમલ માં છે.ત્યારે ગામ નો વહીવટ કરતી ગ્રામ પંચાયત નું મકાન પણ જર્જરીત,જોખમી નહીં પણ સુવિધસજ્જ હોવું જોઈએ માટે ફરતીકુઈ ગ્રામ પંચાયત જર્જરીત અને જોખમી હોય નવી બનાવવા માંગ ઉઠવા પામી છે.

**સાંકડા બેરીકેડના કારણે અકસ્માત થવાની પણ સંભાવનાઓ**

## મેરિયા બ્રિજ પર મૂકેલા બેરિકેડ સાંકડા હોવાથી વાહન ચાલકોને હાલાકી

**બેરીકેડના** કારણે કેટલીક વાર ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાય છે



(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.5

છોટાઉદેપુર જિલ્લામાં નેશનલ હાઈવે નંબર 56 પર આવેલ મેરીયા મદીના બ્રિજને વહીવટી તંત્ર દ્વારા ભારે વાહનો માટે પ્રતિબંધિત કરવામાં આવેલ છે જેના કારણે બ્રિજની બંને બાજુ બેરીકેડ લગાવી અને પોલીસ તથા જીઆરડી જવાનો બેસાડવામાં આવેલ છે જેથી કરીને ભારે વાહન ત્યાંથી પસાર ન થાય.

પરંતુ ત્યાં ફરજ બજાવનાર લોકો દ્વારા બેરીકેટને સાકડા ગાડે મૂકી દેવામાં આવ્યા છે જેથી કરીને ત્યાં મોટા વાહનો પસાર ના થાય જેને લઈ વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે બેરીકેડ મૂકવાથી કેટલીક વાર ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાય છે અને કેટલીક વાર કાર ચાલકો આમને સામને આવી જતા હોય છે જ્યારે આ રીતના તંત્ર ચાલતું હોવાથી કેટલીક વાર હળવા અકસ્માત પણ સર્જાતા હોય છે જેથી કરીને ત્યાં રહેલ બેરીકેટ વચ્ચે મૂકી બંને સાઈડ વાહનચાલકોની અવરજવર થાય એવી લોક માંગ ઉઠી રહી છે

આમ તો ઘણા સમયથી આ બ્રિજ તરફ વહીવટી તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું ન હોવાથી લોકોને ભારે હાલાકીને સામનો તો કરવો જ પડે છે અને વળી આવા બેરીકેટ લગાવી વધુ પડતી હાલાકી વેઠવી પડતા લોકોમાં ભારે આક્રોશ પણ જોવા મળે છે.

## બોડેલી માય શાનેન સ્કુલમાં ભવ્ય રમતોત્સવનં આયોજન કરાયં



(પ્રતિનિધી) બોડેલી, તા5?

જે.સી.ટી ગુપ દ્વારા સંચાલીત માય શાનેન સ્કૂલ, બોડેલી ખાતે ૩ ડિસેમ્બર, ૨૦૨૫ને શનિવારના રોજ કેજી વિભાગ અને અંગ્રેજી માધ્યમ ધોરણ ૧ થી ૧૦ ના વાર્ષિક રમોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમા મહેમાન તરીકે ઉમેશભાઈ રાઠવા(જીલ્લા પ્રમુખ છોટાઉદેપુર,ભાજપ),ડૉ. શિતલ કુવરબા મહારાઉલ(તાલુકા પંચાયત પ્રમુખ, બોડેલી),નિલ પટેલ(તાલુકા પ્રમુખ બોડેલી, ભાજપ) સંજયભાઈ શાહ (શાળા સંચાલક મંડળ,અધ્યક્ષ, છોટાઉદેપુર),ભાવેશભાઈ શિરોલાવાલા(શાળા સંચાલક મંડળ. ઉપપ્રમુખ),કંચનભાઈ પટેલ| (નવજીવન હાઈસ્કુલ ટ્રસ્ટી).ડૉ અમિતભાઈ પટેલ, લલીતભાઈ રોહીત(બાર એસોશીયન પ્રમુખ),સુરેશભાઈ પટેલ (શિરોલા હાઈસ્કૂલ પ્રિન્સિપાલ , બળવતસિંહ સોલંકી (શાળા સંચાલક મંડળ છોટાઉદેપુર નવજીવન| સ્કુલના આચાર્ય એકનાથ જાધવ, જે.સી.ટી ગુપના ચેરમેન લોકેન્દ્રસિંહ વાંસદીયા સહિતના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

## સંખેડાની હાઈસ્કુલમાં કલા ઉત્સવ ઉજવવાયો

(પ્રતિનિધી) સંખેડા તા.5

જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વડોદરા આયોજિત તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી છોટાઉદેપુરના માર્ગદર્શન હેઠળ વિ કસિત ગુજરાત @૨૦૪૭ થીમ પર આધારિત સરદારવલ્લભભાઈ પટેલ શાળા વિકાસ સંકુલ-૦૨ કક્ષાનો કલાઉત્સવ આજરોજ ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કુલ સંખેડા ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સંખેડા અને નસવાડી તાલુકાની ક્યુ ડી સી કક્ષાએ પ્રથમ અને દ્રિતીય સ્થાન પ્રાપ્ત કરેલ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.શાળા વિકાસ સંકુલના કન્વીનર અને શાળાના આચાર્ય ચિરાગ શાહ દ્વારા તમામનું શાબ્દિક અને પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત



કરી સરકારશ્રીની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 નેશનલ એજ્યુકેશન પોલીસી અંતર્ગત કલા એ શિક્ષણ નો જ અભિન્ન અંગ છે તેમ જણાવી તમામ બાળકોને પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિ, સર્જનાત્મક શક્તિ ને બહાર લાવી શ્રેષ્ઠ પરફોર્મન્સ કરી રાજ્ય કક્ષાએ પોતાનું અને માતા પિતાનું નામ રોશન કરવા માટે ના શુભ આશિષ પાઠવવામાં આવ્યા હતા.

**આંગણવાડીઓમાં ખાલી જગ્યાઓની રાજ્ય સરકાર દ્વારા પૂર્તિ કરવામાં આવી**

## મધ્ય ગુજરાતમાં 1978 આંગણવાડી કાર્યકરો-તેડાગર બહેનોને મળી નિયુક્ત

**મહિલા** અને બાળ વિકાસ વિભાગ દ્વારા નિમણૂંક પત્ર એનાયત કરવાનો કાર્યક્રમ સંપન્ન

(પ્રતિનિધી) વડોદરા, તા.5

વડોદરા શહેર ઉપરાંત મધ્ય ગુજરાત ઝોનના વિવિધ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓમાં ખાલી જગ્યાઓની રાજ્ય સરકાર દ્વારા પૂર્તિ કરવામાં આવી છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આ ખાલી જગ્યા ઉપર નિયત ભરતી પ્રક્રીયામાં પસંદ પામેલા કાર્યકર અને તેડાગર બહેનોને આજે શહેરમાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન નિમણૂંકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.



મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર અંતર્ગત વડોદરા ઝોનના લગભગ ૧૮૭૮ નવનિયુક્ત આંગણવાડી કાર્યકર તથા તેડાગર તરીકે પસંદગી થયેલ ઉમેદવારોને આજે નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યા. આ નિમણૂંક પત્રો મુખ્ય દંડક બાળકૃષ્ણભાઈશુક્લના અને અન્ય ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે આપવામાં આવ્યા હતા. વડોદરા, વીએમસી, દાહોદ, પંચમહાલ, આણંદ, મહિસાગર, છોટાઉદેપુર અને ખેડા એમ આઠ જિલ્લાઓની નવી ભરતી થયેલા આંગણવાડી અને તેડાગર મહિલાઓને નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ નિમણૂક પત્રો મેળવીને બધાએ ખુશી વ્યક્ત કરી બાળકો, માતાઓ અને કિશોરીઓની સંભાળ માટે કામ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે મેયર પિંકીબેન સોની, સ્થાયી સમિતિ અધ્યક્ષ ડૉ શીતલ મિસ્ત્રી, જિલ્લા પંચાયત પ્રમુખ ગાયત્રીબા મહીડા, જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરા, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન નિલેશ પુરાણી સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## મામલતદાર કચેરી કવાંટ ખાતે BLOનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું



**કવાંટ** મામલતદાર, બી.એલ.ઓ. સહીત મામલતદાર કચેરીના સ્ટાફ ઉપસ્થિત રહ્યા

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.5

છોટાઉદેપુર જિલ્લામાં ચાલી રહેલ "SIR-2026" મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત ૧૩૮-જેતપુર વિધાનસભા મત વિસ્તારના કામગીરી કરનાર બી.એલ.ઓનું કલેક્ટરના અધ્યક્ષતામાં મામલતદાર કચેરી કવાંટ ખાતે કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય કામગીરીમાં BLO એક પાયાના કાર્યકર તરીકે મહત્વપૂર્ણ ભાગ ભજવે તેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનિય છે કે, આ કાઉન્સેલિંગ દરમિયાન કવાંટ મામલતદાર, બી.એલ.ઓ. સહીત મામલતદાર કચેરીના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતના ખેડૂતો પાક વીમા યોજનાના લાભોથી બાકાત છે : શક્તિસિંહ ગોહિલ

ગાંધીનગર : કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલે આજે સંસદમાં ગુજરાતના ખેડૂતોને અતિવૃષ્ટિથી થયેલી હાલાકી અને ખેડૂતોની થઈ રહેલી આત્મહત્યાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આજે ઝીરો અવર્સની નોટીસ આપીને સાંસદ (રાજ્યસભા)માં શક્તિસિંહ ગોહિલે રજૂઆત કરી હતી કે, ગુજરાતના ખેડૂતો માટે અત્યંત કફોડી સ્થિતિ પેદા થઈ છે. દિવાળી આસપાસ ચોમાસુ પાક સંપૂર્ણ તૈયાર થતો હોય છે અને દિવાળીનો બીજો દિવસ એટલે કે ગુજરાતીઓના બેસતા વર્ષ પછી આ ચોમાસુ પાકની કાપણીની ખેડૂતો શરૂઆત કરતા હોય છે.

આ વર્ષે દિવાળી આસપાસ દિવસો સુધી સતત વરસાદ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં પડ્યા કર્યો, પરિણામે ખેડૂતોનો તૈયાર થયેલો પાક કે જેના પર પાણીનું એક ટીપું પણ પડે તે ઝેર સમાન ગણાય તે રીતે ખેડૂતોનો પાક સંપૂર્ણ નિષ્ફળ ગયો છે. પાક સંપૂર્ણ તૈયાર થાય ત્યાં સુધી કરવામાં આવતા તમામ ખર્ચાઓ ખેડૂતો કરી ચુક્યા બાદ કુદરતી આફતના કારણે ખેડૂતો બરબાદ થયા છે.

કમનસીબી એ છે કે સમગ્ર દેશના તમામ રાજ્યોમાં ખેડૂતો માટે વીમા ફસલ યોજનાની જોગવાઈ છે, પરંતુ ગુજરાત અને કેન્દ્રમાં બંને જગ્યાએ ભાજપની સરકાર હોવા છતાં ગુજરાતના ખેડૂતોને પાક વીમા યોજનાથી બાકાત કરવામાં આવેલા છે.

ગોહિલે જણાવ્યું હતું કે, રાજીવ ગાંધીના સમયમાં પ્રથમ વખત પાક વીમા યોજના દાખલ કરવામાં આવી હતી અને વડાપ્રધાન તરીકે રાજીવ ગાંધીએ ખુબ મોટી સબસીડી જાહેર કરીને માત્ર નજીવી રકમમાં ખેડૂતો પાક વીમો લઈ શકે તેવી યોજના દાખલ કરી હતી.

સ્વ. રાજીવ ગાંધીના સમયમાં ગુજરાતમાં દુષ્કાળ પડ્યો હોવાના કારણે ખુબ મોટી રકમની સહાય ગુજરાતના ખેડૂતોને મળી હતી. આજે કેન્દ્ર અને ગુજરાતમાં પણ ભાજપની સરકાર છે ત્યારે ખેડૂતોને જે નુકશાન થયું છે તેની ઉદાર હાથે પુરતી રકમ આપવા માટે માંગણી કરવામાં આવી હતી.

## બોડેલી તાલુકાના બાંગાપુરા ગામે સસ્તા અનાજની દુકાનનો રદ પરવાનો યથાવત રાખવા આવેદન

**માથભારે** દુકાનદારે લાભાર્થીઓને ધમકી પણ આપી હતી

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા5

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના બાંગાપુરા ખાતે સસ્તા અનાજ વિતરણની દુકાનમાં ઘણા લાંબા સમયથી ખુબ જ ગેરરીતી ચાલતી હતી,ગરીબ લાભાર્થીઓ સુધી અનાજ પુરેપુરુ મળતુ ન હતુ. જેને લઈને સૌ ગ્રામજનો ભેગા મળી જનતા રેડ પાડવામાં આવિ અને ગેરરીતી કરેલા મુદ્દા માલ સાથે સંચાલક બારીયા હસમુખભાઈ છોટાભાઈ અને તેના પુત્ર બારીયા દેવરાજભાઈ હસમુખભાઈ ને પકડી પાડવામાં આવ્યો હતો સાથે સગેવગે થતો માલ પકડી પાડવામાં આવ્યો હતો. અને તે અંગેની જાણ મામલતદાર, બોડેલીને જાણ કરવામાં આવતા તેઓ દ્વારા સ્થળ પર આવી અને દુકાન સીલ કરી આગળ ઉપરની તપાસ હાથ ધરતા ગંભીર ગેરરીતીઓ જણાઈ આવતા દુકાનદાર બારીયા હસમુખભાઈ છોટાભાઈનો પરવાનો કાયમી ધોરણે રદ કરવામાં આવ્યો હતો જનતા રેડ કરીને અનાજ ચોરી કરતા પકડાવનાર ગ્રામજનો ઉપર અદાવત રાખી જાન લેવા હુમલા કરતા જેમાં ભોગ બનનારના પગના ભાગે ગંભીર ઈજાઓ થયેલ અને જાહેરમાં દુકાનદાર બારીયા હસમુખભાઈ છોટાભાઈ લાભાર્થીઓને ધમકી આપી જણાવેલ કે મારા વિરુધ્ધ કોઈ પણ ફરીયાદ કે અન્ય કોઈ કાર્યવાહી કરશે તો બંધુકનો ભળાકો કરી મારી નાખીશ અને ગમે તેમ અપશબ્દો બોલીને લોકોમાં ભયનુ વાતાવરણ ઉભુ કરે છે એવા માથાભારે દુકાનદાર બારીયા હસમુખભાઈ છોટાભાઈનો પરવાનો કાયામી ધોરણે રદ થયેલ જેને યથાવત રાખવા ગ્રામજનોએ કલેક્ટર સમક્ષ રજૂઆત કરી આવેદનપત્ર આપ્યું હતું.

## ટી.સી. કાપડીયા કોલેજ બોડેલીમાં સ્વરોજગાર ભરતી મેળો યોજાયો



(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.5

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, છોટાઉદેપુર દ્વારા ટી.સી. કાપડીયા કોલેજ બોડેલી ખાતે જિલ્લા પંચાયત મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન ધર્મિષ્ઠાબેન રાઠવાના અધ્યક્ષસ્થાને મહિલા સ્વરોજગાર ભરતી મેળાનુ આયોજન કરવામાં આવ્યું હતું. બોડેલી ખાતેના સ્વરોજગાર ભરતી મેળામાં ૩૫૧ વિદ્યાર્થીઓ સાથે મહિલા સ્વરોજગાર ભરતી મેળો કરેલ અને મેળામાં આવેલ અલગ અલગ કંપનીઓ દ્વારા અંદાજીત ૧૭૪ દીકરીઓને અલગ અલગ ક્ષેત્રે નોકરી માટે પસંદગી કરવામાં આવી હતી.

## 100% કામગીરી કરનાર બીએલઓને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.5

છોટાઉદેપુર જિલ્લાના તાલુકા સેવા સદન બોડેલી ખાતે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન દ્વારા ૧૩૯ સંખેડા વિધાનસભા મતદાર વિભાગમાં ૧૦૦% ટકા કામગીરી પૂર્ણ કરેલ બી.એલ.ઓ.ને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.જિલ્લામાં ચાલતા ખાસ સઘન સુધારણા અંતર્ગત ૧૩૯-સંખેડા વિધાનસભા મતદાર વિભાગના ૩૫ બી.એલ. ઓની કામગીરીને ધ્યાને લઈ જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન અને પ્રાંત અધિકારી ભુમિકા રાઓલએ કામગીરીને બિરદાવી હતી.

## બોડેલી ખાતે જિનીંગ ફેક્ટરીની મુલાકાત લેતા જિલ્લા કલેક્ટર

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.5

છોટાઉદેપુર જિલ્લામાં ધી કોટન કોર્પોરેશન ઈન્ડિયા દ્વારા કપાસની ખરીદી ચાલુ કરવામાં આવી છે ત્યારે જિલ્લા કલેકટર ગાર્ગી જૈન દ્વારા બોડેલી ખાતે સોસાયટી જિનીંગ ફેક્ટરીની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન ખેડૂતના કપાસનું વજન કરવાની પદ્ધતિ તથા કપાસની ગુણવત્તા ચકસાણી કરવાનું પદ્ધતિ તથા ઝીનિંગથી લઈને ગાસડી બની જાય ત્યાં સુધીની તમામ પ્રક્રિયાની ચકાસણી કરવામાં આવી હતી. ખેડૂતને એપ્લીકેશન પર સ્લોટ



બુક કરવામાં તકલીફ ન પડે છે માટે ગ્રામ સેવકના માધ્યમથી ખેડૂતોને માહિતગાર કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને સૂચના આપવામાં આવી હતી.

ખેડૂતોને કપાસ લઈને ખેડૂતોને લાઈનમાં ઉભુ ના રહેવું પડે માટે CCI ના અધિકારીઓને સૂચના આપી હતી.